# પ્રકરણ ૧૦ :

# ઉપસંહાર અને તારણો

સ્વપ્નની સંગત માહિતી અને માન્યતાઓ સાથે વૈજ્ઞાનિક સંશોધનનું ભાથું લઇ સર્જક કથામાં સ્વપ્નનો પ્રયોગ કરે છે. અગાઉ કહ્યું તેમ સ્વપ્નવાસ્તવની પ્રયુક્તિ નવલકથાના તમામ ઘટકો સાથે કાર્ય કરે છે. ક્યાંક વ્યક્તિની આંતર ચેતનાને પ્રગટ કરે છે તો ક્યાંક ફેન્ટસીનું વાતાવરણ ખડું કરે છે. નવલકથામાં મનોવૈજ્ઞાનિક વાતાવરણ ઊભું કરવા સર્જકોએ જે વિવિધ પ્રવૃત્તિનો ઉપયોગ કર્યો તેમાંની એક પ્રયુક્તિ એટલે સ્વપ્નવાસ્તવની પ્રયુક્તિ.

ભારતીય પરંપરામાં વધતે ઓછે અંશે ધાર્મિક માન્યતાઓ મુજબ સ્વપ્ન એ કોઈ દૈવી સંકેત માનવામાં આવે છે. મધ્યકાળ સુધી ગુજરાતી સાહિત્યમાં પણ આ જ બાબત સાહિત્ય દ્વારા પ્રગટ થાય છે. ભારતીય સાહિત્યનાં મહાકાવ્યો, પુરાણો વગેરેમાં સ્વપ્નપ્રયુક્તિનો ઉપયોગ કોઈ ચેતવણી આપવા, માહિતી આપવા કે દૈવી સંકેત દર્શાવવા થતો હતો. આધુનિક સમયમાં અવનવા સંશોધનો અને બદલાતા સાંસ્કૃતિક સંદર્ભોની અસર સમાજ પર થઈ અને તે અસર સમાજમાંથી સાહિત્ય પર આવી. હવે સાહિત્યમાં રજૂ થતી કથાઓમાં માત્ર દૈવી સંકેત નહીં પરંતુ માનવીય મનના સંકેતો રજૂ થવા લાગ્યા.

સ્વતંત્રતા પૂર્વે હજી મનોવૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે સ્વપ્નપ્રયુક્તિનો સભાનતાપૂર્વક ઉપયોગ શરૂ થયો ન હતો તેવા સમયે સૌ પ્રથમ સ્વપ્નમાં પરંપરા અને આધુનિકતાના બેવડા લક્ષણો ‘સરસ્વતીચંદ્ર’માં જોવા મળે છે. ‘સરસ્વતીચંદ્ર’માં રજૂ થતાં સ્વપ્નોનું અનુસંધાન હજૂ સુધી સંપૂર્ણ પણે મનોવૈજ્ઞાનિક નહોતું. હા, ગોવર્ધનરામ સ્વપ્નના મનોવિજ્ઞાન અને ફ્રોઇડથી માહિતગાર જરૂર હતા. શરૂઆતના તબક્કે સર્જકને કહેવાની છે તે મૂળ વાતને બદલે વાચક કોઈ ભળતી વાત સમજી ન લે તેવી સભાનતા સાથે અહિ સ્વપ્નો રજૂ થાય છે. ‘સરસ્વતિચંદ્ર’ નવલકથામાં રજૂ થયેલ સ્વપ્નાઓ પરંપરા અને ખાસ કરીને ભારતીય માન્યતાની ભૂમિ પર રચાયેલા જોવા મળે છે. કથામાં કંઈક કહેવા માટે સ્વપ્ન પ્રયોજાયા છે એવું લાગે છે.

‘સરસ્વતીચંદ્ર’ના મુકાબલે ‘સાચા સમણા’માં પન્નાલાલ સ્વપ્નપ્રયુક્તિને વસ્તુસંકલનામાં ઓગાળી શક્યા છે. સરળ અને સહજ શૈલીમાં માનવીય મનનાં સંચલનનો પ્રગટ કરવા આ સ્વપ્નો કથાને ધીરે ધીરે બળ આપવાનું કાર્ય કરે છે. આ નવલકથાની ભાષાની જેમ તેના સ્વપ્નોમાં પણ સરળતા રહેલી છે. મનોવૈજ્ઞાનિક પરિભાષા મુજબના પ્રતીકોનો પ્રયોગ અહીં ઓછી માત્રામાં જોવા મળ છે. ટૂપિયો, ભર્તુહરિ, કૃષ્ણ જેવા પરંપરા તરફ નિર્દેશ કરતા પ્રતીકોને બાદ કરતાં આ કથામાં

પ્રતીકો જોવા મળશે નહીં. આમ જોઈએ તો સ્વતંત્રતા પૂર્વેની નવલકથાઓ મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણ તરફ ગતિ કરી રહી હતી. પરંતુ સ્વપ્નપ્રયુક્તિના ઉપયોગ સંદર્ભે તેનું અનુસંધાન પરંપરા અને ધાર્મિક માન્યતાઓથી બહાર નીકળી શક્યું ન હતું. આ સાથે સાથે આવી એકાદ બે કથા સિવાય સ્વપ્નપ્રયુક્તિનો ઉપયોગ આ સમયગાળામાં નવલકથાના સર્જકોએ કર્યો નથી. તેનું એક કારણ એ પણ હોઈ શકે કે આ ગુજરાતી નવલકથાનો આરંભનો તબક્કો હતો. જેમાં કેન્દ્રમાં સમાજ અને ઈતિહાસ હતો. હા, આ સામાજિક સંઘર્ષને સ્વપ્ન દ્વારા અસરકારક રીતે રજૂ કરી શકાયું હોત. પણ પ્રયુક્તિની એવી સભાનતા સ્વતંત્રતા પૂર્વે નવલકથા ક્ષત્રે જોવા મળતી નથી.

બે વિશ્વયુદ્ધો અને આધુનિકતાની અસરથી માનવીય સંબંધોમાં સંકુલતા પ્રગટ થવા લાગી. વ્યક્તિ સમાજમાંથી પોતાના આંતરમન તરફ વળ્યો. એકલો થયો. આ એકલતા અને સંકુલતા પ્રગટ કરવા સાહિત્યમાં નવા વિષયો અને નવી પ્રયુક્તિઓ અજમાવવાની શરૂઆત થઈ. આ શરૂઆતમાં સુરેશ જોશીના વિવેચનનો ફાળો બહુમૂલ્ય છે. સુરેશ જોશીની વાર્તાઓમાં આપણને સ્વપ્નપ્રયુક્તિનો સુંદર વિનિયોગ થયેલો જોવા મળે છે પરંતુ તેમની પાસેથી સ્વપ્નપ્રયુક્તિના વિનિયોગ વાળી એકેય નવલકથા સાંપડતી નથી.

સ્વતંત્રતા પછીના સમયમાં Stream of Consciousness જેવી પ્રયુક્તિની સાથો સાથ આંતર એકોક્તિ તથા સ્વગતોક્તિ જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ થવા લાગ્યો. આ પ્રયુક્તિઓ માણસના મનને, તેના વાસ્તવિક ચહેરાને પ્રગટ કરવા લાગી. પાત્રની સાચી તસવીર, તેના વ્યક્તિત્વને પ્રગટ કરવા આ મનોવૈજ્ઞાનિક પ્રયુક્તિઓ સૌથી કારગર નીવડી. માનવીય સંવેદનના અમુક છેડાઓ મનના ત્રીજા સ્તરમાં પડ્યા હતા તેને પ્રગટ કરવા માટે સ્વપ્નપ્રયુક્તિ સિવાય અન્ય કોઇ પ્રયુક્તિ કામ લાગી શકે તેમ ન હતી. માનવીની ઇચ્છાઓ, એષણાઓ, લાલસાઓ, વાસનાઓ જે મનના એક ખૂણામાં ધરબાયેલ હતી. આ કુંઠીત લાગણીઓ, છૂપો દ્વેશ, ઇર્ષા જેવી લાગણીઓ વૈચારિક સ્તરે પણ પ્રગટ થઈ ન શકે. તેથી આ લાગણીઓ સ્વપ્નવાસ્તવના માધ્યમથી જ પ્રગટી શકે. આથી આધુનિક સમયમાં વાસ્તવથી આગળ વધી પરાવાસ્તવવાદના પગરણ થયા. ફેન્ટસીને રિયાલિટીના સ્તરે પ્રગટ કરવા માટે સ્વપ્ન વાસ્તવની પ્રયુક્તિનો નવલકથાના સર્જકો અર્થસભર રીતે ઉપયોગ કરતા થાય છે.

સ્વતંત્રતા પછીના એકાદ દશકામાં પરાવાસ્તવવાદનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય પણ ઝિલે છે. કલ્પન, પ્રતીકથી શરૂ કરી ફેન્ટસી, અમાનવીય, અતિમાનવીય લોક ગુજરાતી સાહિત્યમાં પ્રગટ થાય છે. ત્યારે આવા અવનવા લોકને પ્રગટ કરવા સ્વપ્નપ્રયુક્તિ સૌથી વધુ વાસ્તવ અને સત્ત્વ વાળી નીવડી છે. જેથી માનવના ચૈતસિક વ્યવહારને પ્રગટ કરવા નવલકથા સર્જક આ પ્રયુક્તિનો વત્તે ઓછે અંશે વિનિયોગ કરે છે.

અહિ, મારા સંશોધનમાં મેં ‘પેરેલિસિસ’, ‘મહાભિનિષ્ક્રમણ’, ‘સ્વપ્નતીર્થ’, ‘નિશાચક્ર’, ‘મોહનિશા’, ‘રિક્તરાગ’, ‘સુરા, સુરા, સુરા’ એમ સાત નવલકથાઓ સામેલ કરી છે. જેમનો સમય ગાળો ઈ.સ. ૧૯૬૭ થી ઈ.સ. ૨૦૦૯નો છે.

આ નવલકથાઓમાં મોટેભાગે કથનકેન્દ્ર તરીકે પ્રથમ પુરુષ એક વચનનો ઉપયોગ થયો છે. જેમાં ‘મહાભિનિષ્ક્રમણ’, ‘નિશાચક્ર’, ‘મોહનિશા’ અને ‘રિક્તરાગ’માં પ્રથમ પુરુષ એકવચનની કથન પ્રયુક્તિથી કથા રજૂ થઈ છે અને સ્વપ્ન પણ ‘હું’ જ વર્ણવે કરે છે. ‘નિશાચક્ર’ અને ‘રિક્તરાગ’માં તો નાયકનું નામ સુદ્ધાં જણાવવામાં આવ્યું નથી. ‘સ્વપ્નતીર્થ’ નવલકથામાં મિશ્રપ્રકારનું કથન કેન્દ્ર પ્રયોજાયું છે. ક્યાંક પ્રથમ પુરુષ છે તો ક્યાંક સર્વજ્ઞ કથક દ્વારા અહિ વાતનો દોર આગળ વધે છે. ‘પેરેલિસિસ’માં સ્વપ્ન અને કથા બંને માટે સર્વજ્ઞ કથકનું કથન કેન્દ્ર ઉપયોગમાં લેવામાં આવ્યું છે.

આ નવલકથામાં દરેક વખતે સ્વપ્નપ્રયુક્તિ મુખ્ય પ્રયુક્તિ તરીકે કાર્ય કરતી નથી. જેમકે, ‘પેરેલિસિસ’માં મુખ્ય પ્રયુક્તિ બાયફૉકલ છે. તો ‘રિક્તરાગ’ અને ‘મોહનિશા’માં ચેતનાપ્રવાહ મુખ્ય પ્રયુક્તિ છે. તેમાંય ‘મહાભિનિષ્ક્રમણ’માં તો આંતર એકોક્તિ એ મુખ્ય પ્રયુક્તિ છે. ‘સુરા, સુરા, સુરા’ આ બધી નવલકથા કરતાં અલગ સ્તરે વિસ્તરે છે. જેમાં ફેન્ટસી મુખ્ય પ્રયુક્તિ છે. આ નવલકથામાં સ્વપ્નપ્રયુક્તિ આ તમામ પ્રયુક્તિની સહાયક પ્રયુક્તિ તરીકે કાર્ય કરે છે. ‘સ્વપ્નતીર્થ’ અને ‘નિશાચક્ર’ નિર્ભેળ પણે સ્વપ્નપ્રયુક્તિની નવલકથાઓ છે. ‘સ્વપ્નતીર્થ’માં ડાયરી લેખન સ્વપ્નપ્રયુક્તિની સહાયક પ્રયુક્તિ તરીકે કાર્ય કરે છે.

આ નવલકથાઓમાં રજૂ થતાં સ્વપ્ન-દશ્યમાં ચિત્ર અને ક્રિયાઓ રજૂ કરતાં પ્રતીકો આવે છે. બહુ ઓછાં સ્વપ્નોમાં સંવાદ જોવા મળે છે. જ્યાં સંવાદ જોવા મળે છે એ પણ બહુ ઓછાં

પ્રમાણમાં છે. એવું એટલા માટે કે સ્વપ્નની મનોવૈજ્ઞાનિક ભૂમિકા મુજબ સ્વપ્નમાં સંવાદ બહુ ઓછાં હોય છે.  છતાં જે હોય તે તૂટક તૂટક જ હોય છે. આધુનિક નવલકથાના સર્જકો આ વૈજ્ઞાનિક તથ્યને જાણ્યે અજાણ્યે વફાદાર રહ્યા છે.

'પેરેલિસિસ'માં ત્રણ સ્વપ્નો છે. 'મહાભિનિષ્ક્રમણ'માં છ સ્વપ્ન આવે છે. જેમાંથી પાંચ સ્વપ્ન નાયકને અને એક સ્વપ્ન નાયકની માતા ચંદનને આવે છે. 'સ્વપ્નતીર્થ'માં શરૂઆતમાં એક પછી એક એમ ત્રણ સ્વપ્ન આવે છે અને યાત્રા દરમ્યાન પાંચ સ્વપ્ન આવે છે. 'નિશાચક્ર'માં આઠ દિવસમાં નાયકને એકાદ રાત્રીને બાદ કરતા રોજ સ્વપ્ન આવે છે. આમ, 'નિશાચક્ર'ને સ્વપ્નચક્ર પણ કહી શકાય. આ નવલકથામાં નાયક છ સ્વપ્ન જુએ છે. 'મોહનિશા'માં દોઢ દિવસના સમયમાં સ્વપ્ન, દિવાસ્વપ્ન મળી છ સ્વપ્નની શ્રૃંખલા બને છે. આ નવલકથામાં સ્વપ્ન કરતા દિવાસ્વપ્ન વધારે છે. 'રિક્તરાગ'માં પણ છ સ્વપ્નમાં નાયકની છબી સ્પષ્ટ થાય છે. તો 'સુરા, સુરા, સુરા'માં એકનું એક સ્વપ્ન અલગ અલગ પાત્રના મનમાં અનેકવાર પ્રગટ થાય છે.

આધુનિક યુગની આ નવલકથાઓમાં સ્વપ્નના કારણો મનોવૈજ્ઞાનિક છે. તેને કારણે નવલકથામાં એક મનોવૈજ્ઞાનિક વાતાવરણ ઊભું કરવા આ સ્વપ્નપ્રયુક્તિ સફળ નીવડે છે. આ સ્વપ્નો વાતાવરણની સાથે નવલકથાના પાત્રચિત્રણમાં પણ સહાયક બને છે. આ નવલકથાઓના પાત્રો તરંગી અને વધુ વિચારશીલ છે. તેઓ લોકો સાથે જાજાં ભળતા નથી. એટલે તેમનું હૈયું કોઈ સામે ખોલતા નથી. આથી એમનું એકાંકી વ્યક્તિત્વ સ્વપ્નના સ્તરે પ્રગટ કરી સર્જક પાત્રનો વિકાસ કરે છે. આ વિકાસ દરેક વખતે ઉર્ધ્વગામી હોય એ જરૂરી નથી. 'મહાભિનિષ્ક્રમણ'નો નાયક ઉર્ધ્વગામી બને છે તો 'નિશાચક્ર' અને 'રિક્તરાગ'નો નાયક બધું જ ખોઈ પતન તરફ જાય છે, પલાયનનો રસ્તો પકડે છે. 'મોહનિશા'ના નાયકનો ડર સ્વપ્નમાં પ્રગટ થઈ વધુ દૃઢ બને છે. 'પેરેલિસિસ'માં સ્વપ્ન દ્વારા નાયકના મનનો સંઘર્ષ અને અવદશા રજૂ થાય છે. 'સ્વપ્નતીર્થ'માં તરુણાવસ્થના તરંગો અને અવઢવ સ્વપ્ન મારફતે રજૂ થાય છે. 'સુરા, સુરા, સુરા'માં એક મૃતાત્મા સ્વપ્ન દ્વારા પોતાના પર થયેલ અત્યાચાર માટે ન્યાય ઝંખે છે.

આ નવલકથાઓમાં રજૂ થતા સ્વપ્નોમાં પાત્રની મનોદશા પ્રગટ કરવા સ્વપ્નપ્રતીકોનો ઉપયોગ થયો છે. જેમાં મોટે ભાગે દૃશ્ય પ્રતીકો છે. થોડે અંશે શ્રાવ્ય, ધ્રાણ, સ્વાદ અને સ્પર્શ ઇન્દ્રિયને અસર કરતાં પ્રતીકો રજૂ થયા છે. ઘણાં સ્વપ્નોમાં તો પ્રતીકોની હારમાળાઓ રચાયેલી

જોવા મળે છે. પરંતુ તેમાંથી અમુક પ્રતીકો કોઈ જરૂરી સુચન તરફ લઈ જતા હોય છે. જેમ કે, 'પેરેલિસિસ'માં કૃશકાય સિંહ, ખાલીખમ મહેલ અને યુવા તથા વૃદ્ધ ભ્રુણ. 'મહાભિનિષ્ક્રમણ'માં ક્રોસ, ગ્લેશિયર, ટ્રેઈન. 'સ્વપ્નતીર્થ'માં રીંછ, પિત્તળની દાંડીવાળા ચશ્માં, ધજા. 'નિશાચક્ર'માં પુષ્પપંખી, મદમસ્ત પશુ, ટ્રેઈન. 'મોહનિશા'માં પુરની સાયરન. 'રિક્તરાગ'માં રૂપેરીપંખી, સોનેરી પંખી, શલ્યા, સિંહ. 'સુરા, સુરા, સુરા'માં કોઈ પ્રતીકો નથી પરંતુ સમગ્ર ઘટના જ સ્વપ્નમાં પ્રગટે છે.

આ નવલકથામાંથી પસાર થતાં જોવા મળ્યું કે 'નિશાચક્ર' અને 'રિક્તરાગ'માં રજૂ થયેલ સ્વપ્નમાં સંવાદ નથી, ત્યાં સ્થિર ચિત્ર અને થોડાં ગતિશીલ દશ્યો રજૂ થાય છે. 'મોહનિશા' અને 'મહાભિનિષ્ક્રમણ'માં નાટ્યાત્મક સ્વપ્ન છે. 'સ્વપ્નતીર્થ'માં સ્વપ્ન સંઘનનની પ્રક્રિયાનો વિનિયોગ થયો છે. સબનિકાલની સમસ્યા અને પોતાના પિતાને સ્થાને વિનાયક કાકા તો ક્યારેક ઘનશ્યામ મહારાજ દેખાય છે; તે સ્વપ્ન સ્થાનાંતરણ પ્રક્રિયા દ્વારા શક્ય બને છે. નવલકથામાં રજૂ થતા સ્વપ્નમાં સંવાદ તથા પાત્રની ક્રિયા-પ્રક્રિયાઓ રજૂ થાય ત્યારે તે સ્વપ્નનો પ્રકાર નાટ્યીકરણ પ્રપંચ બને છે. 'પેરેલિસિસ'માં ચોથું સ્વપ્ન, 'મહાભિનિષ્ક્રમણ', 'સ્વપ્નતીર્થ', 'મોહનિશા'ના સ્વપ્નો નાટ્યીકરણ પ્રપંચ દ્વારા રજૂ થાય છે. આમ, અમુક સ્વપ્નમાં પ્રતીકો મહત્ત્વના બને છે, તો અમુક સ્વપ્નમાં છબીઓની આખી સ્વપ્ન ફ્રેમ મહત્ત્વની બને છે. તો ક્યારેક અમુક સ્વપ્નમાં ક્રિયા અગત્યનું સ્થાન લે છે. છબીઓ અને પ્રતીકો દશ્યાત્મકતા અને ચિત્રાત્મકતા લાવે છે અને ક્રિયા અને સંવાદ નાટ્યાત્મકતા પ્રગટાવે છે.

આ બધી જ પ્રક્રિયામાં અંતે આ સ્વપ્નો કથામાં કોઈને કોઈ અંશને સહાયક નીવડે છે, 'રિક્તરાગ' અને 'નિશાચક્ર'માં શુદ્ધપ્રેમની ઝંખના અને તેના માટેનો સંઘર્ષ છે, 'પેરેલિસિસ'માં એકલતા તો 'સ્વપ્નતીર્થ'માં તરુણાવસ્થાના પ્રશ્નો છે. 'મોહનિશા'માં એક અજંપો છે, 'મહાભિનિષ્ક્રમણ'માં માતૃ ઋણનો ડંખ છે, 'સુરા, સુરા, સુરા'માં અતૃપ્ત આત્માની ઇચ્છા છે. આ ઝંખના, સંઘર્ષ, એકલતા, પ્રશ્નો, અજંપો, ડંખ, અતૃપ્ત ઇચ્છા પ્રગટ કરવા સ્વપ્નપ્રયુક્તિ સહાયક બને છે. નવલકથામાં આ સંકુલ લાગણીઓને વાસ્તવિક લાગે તેવી રીતે પ્રગટ કરવા, તે જેવી છે તેવી જ રીતે, કોઈ છોછ વિના પ્રગટ કરવા સ્વપ્નપ્રયુક્તિથી વધુ બીજી કોઈ પ્રયુક્તિ અસરકારક

નીવડી શકતી નહિ. આમ, સ્વપ્નપ્રયુક્તિ પાત્રના સંકુલ ભાવને વાસ્તવની ભૂમિ પર રજૂ કરી શકી છે.

૧૯૬૦ની આસપાસ એક ઉહાપોહનું વાતાવરણ ઊભું થયું કે 'નવલકથાનો નાભિશ્વાશ ચાલે છે' અને તેના ઉપચાર અર્થે પ્રયોગ યુગની શરૂઆત થઈ. ઘટનાનું તિરોધાન કરવા, ઘટનાને ઓગાળવા અવનવા પ્રયોગો થયા. કથા કહેવાની નવી રીતો તરફ સર્જક વળ્યો. કથન કળામાં ધર-મૂળથી પરિવર્તન આવ્યું. કથાના સમયને તોડી, મારી-મચડી સુરેખને બદલે વાંકો-ચૂકો બનાવવા વિવિધ પ્રયુક્તિઓનો આશરો એવામાં આવ્યો. પરંપરાગત નવલકથાને સામે છેડે વાસ્તવવાદથી ઊપર જઈ અતિવાસ્તવવાદના મંડાણ થયા.

નવલકથા પરંપરાના બધાં જ રૂઢ બંધનો તોડી તેની કચરણ પર માનવમનની સંકુલતાઓને ઝીલે છે. અરૂઢ ભાષા-શૈલી, આશ્ચર્ય જનક તો ક્યારેક બીભત્સ લાગતા વર્ણનો, ચમત્કારિક પ્રતીકો, કટાક્ષ તો ક્યાંક જુગુપ્સા પ્રેરક વાતાવરણ દ્વારા નવલકથા સર્જક માનવમનના અતલ પ્રદેશમાં ડોકિયું કરવાનો પ્રયાસ કરે છે.

નવલકથા સર્જકોનો આ પ્રયોગ લાંબો સમય ટક્યો નહિ. ક્ષણિક વૈરાગ્યની જેમ એકાદ દશકાથી વધુ આ પ્રયોગખોરી ગુજરાતી સાહિત્યમાં ચાલી નહિ. સતત કંઇક નવું કરવાની ઘેલછા અને પરંપરાથી અફરા ચાલવાની જીદ વાચક વચ્ચે અંતરાય બને છે. ટેકિનકની રીતે સુંદર બનતી નવલકથા પણ મનોરંજન કક્ષાએ અરૂઢ હોવાને કારણે એક વિદ્વાન વાચકથી આગળ જઈ શકતી નથી. મનોવૈજ્ઞાનિક વાતાવરણ માટે પ્રયોજાતી ચૈતસિક સૃષ્ટી નવલકથાને કંટાળાજનક બનાવે છે. ઘણીવાર પ્રતિકોને ન સમજી શકવાને કારણે પણ કથાના કથયીત્વને પામી શકાતું નથી.

આમ, આ સમગ્ર સંશોધનને આધારે એવું કહી શકાય કે,

- વસ્તુસંકલનાના એક નવતર પ્રયોગ તરીકે સ્વપ્નપ્રયુક્તિ સફળ રહી છે.
- આ સ્વપ્નપ્રયુક્તિ ફેન્ટસીને ચમત્કારમાં ખપાવતા અટકાવી શકી છે.
- સ્વપ્નપ્રયુક્તિ દ્વારા નવલકથામાં એક રહસ્ય અને જિજ્ઞાશાનું વાતાવરણ સર્જક રચી શકે છે.

- સ્વપ્નપ્રયુક્તિનો ઉપયોગ કરી સર્જક ફ્લેશબેક ટેક્નિકનો ઉપયોગ કર્યા વિના સ્વપ્ન દ્વારા જ પાત્રના ભૂતકાળ સુધી પહોંચી શકે છે.
- નવલકથામાં મનોવૈજ્ઞાનિક વાતાવરણ ખડું કરવા સ્વપ્નપ્રયુક્તિ સહાયક બને છે.
- સ્વપ્નવાસ્તવની પ્રયુક્તિ નવલકથામાં પ્રયોજવા સંદર્ભે ગુજરાતી નવલકથાકારો પ્રમાણમાં સફળ રહ્યા છે.
- પરંતુ સ્વપ્નવાસ્તવની પ્રયુક્તિ વાળી નવલકથાઓ એક નિશ્ચિત વાચક વર્ગથી આગળ જઈ શકી નથી.